1. પ્રથમ વિશ્વયુદ્ધનાં કારણો ટૂંકમાં સમજાવો.

- 20મી સદીની શરૂઆતમાં થયેલ પ્રથમ વિશ્વયુદ્ધએ વિશ્વની શકવર્તી ઘટના છે, પ્રથમ વિશ્વયુદ્ધના કારણો અજોડ અને તેના પરિણામો યુગપ્રવર્તક હતાં. પ્રથમ વિશ્વયુદ્ધની ઘટના પાછળ અનેક કારણો જવાબદાર હતાં. પ્રથમ વિશ્વયુદ્ધના કારણોમાં વિકૃત રાષ્ટ્રવાદ, સામ્રાજ્યવાદ, લકવાદ, પ્રાદેશિક સંઘર્ષ, ગુપ્ત સંધિઓ, વર્તમાનપત્રોની વિઘાતક અસર, જર્મનીની મહત્વાકાંક્ષા, શક્તિશાળી સંસ્થાનો અભાવ, યુદ્ધ અંગેનું તત્ત્વજ્ઞાન.તાત્કાલિક કારણ મુખ્ય હતાં.

  (1) વિકૃત રાષ્ટ્રવાદ : 19મી સદીની શરૂઆતમાં વર્ષોમાં ઉદાર રાષ્ટ્રવાદને કારણે ગ્રીસ, ઇટલી, જર્મની વગેરેમાં સ્વતંત્ર રાષ્ટ્રનું સર્જન થયું. ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે ઉદાર રાષ્ટ્રવાદે ઉગ્ર અને સંકુચિત રાષ્ટ્રવાદનું સ્વરૂપ લીધું. યુરોપનાં મોટાભાગનાં રાષ્ટ્રો અને અન્ય રાષ્ટ્રો ભોગે પણ પ્રગતિ સાધવાનાં પ્રવૃત્ત થયાં. યુરોપનાં દરેક રાષ્ટ્રોની આ સ્વાર્થી ભાવનાએ ઉગ્ર રાષ્ટ્રવાદનું સ્વરૂપ ધારણ કરતાં આ મહાયુદ્ધનો ઉદ્ભવ થયો.

  (2) સામ્રાજ્યવાદ : યુરોપમાં ઉદ્ભવેલી ઔદ્યોગિક ક્રાંતિએ મૂડીવાદ, સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદને જન્મ આપ્યો. યુરોપનાં રાષ્ટ્રોએ એશિયા અને આફ્રિકાનાં રાષ્ટ્રોમાં સામ્રાજ્યવાદી પ્રવૃત્તિ શરૂ કરી. ઉદ્યોગો માટે જરૂરી કાચો માલ તથા તૈયાર માલના બજારનો એ કાધિકાર પ્રાપ્ત કરવા માટે દોડ શરૂ કરી. તેને લીધે જે પ્રભાવક્ષેત્રો મળ્યાં ત્યાં પોતાની સત્તા સ્થાપવા માટેના સંઘર્ષ યુરોપીય રાષ્ટ્રો વચ્ચે શરૂ થયાં.

  (3) લશ્કરવાદ : યુરોપના દરેક રાષ્ટ્રને ઉગ્ર રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદની દોડમાં સફળ થવા માટે કે ટકી રહેવા માટે સજ્જ થવું અને ખાસ કરીને નૌકાદળમાં વધારો કરવાનું અનિવાર્ય બન્યું હતું. દરેક રાષ્ટ્ર પોતાના સ્વબચાવ માટે લશ્કરી સજ્જતામાં વધારો કરવો પડે તેમ હતું.

  (4) પ્રાદેશિક સંઘર્ષ : વિયેના કોંગ્રેસ દ્વારા થયેલ પ્રદેશોની અયોગ્ય વહેંચણી પ્રત્યે રાષ્ટ્રવાદના કારણે સરહદી બાબતે અસંતોષ ઊભો થયો હતો. જર્મની, ઇટાલી, બેલ્જિયમ વગેરે રાષ્ટ્રોએ પોતાની તાકાતનો દર વધારવા પ્રદેશો જીતીને એકીકરણ કર્યું હતું. તેના પગલે ઓસ્ટ્રેલિયાએ પણ 'સ્વાવ' લોકોના વસવાટવાળાં રાજયો પર પોતાનો દાવો રજૂ કર્યો હતો.

  (5) ગુપ્ત સંધિઓ અને રાષ્ટ્રોની જુથબંધીઓ ગુપ્ત સંધિઓ અને રાષ્ટ્રોની જુથબંધીએ દરેક રાષ્ટ્ર વચ્ચે ચિંતા અને શંકા નું સર્જન કર્યું. જેની શરૂઆત બિસમાર્કે કરી. યુરોપ નાં રાજકારણ મા જર્મની, ઓસ્ટ્રેલિયા વચ્ચે રિજ સંધિ થઈ. તેની સામે રશિયા-ફ્રાંસ વચ્ચે મૈત્રી , ઈંગ્લેન્ડ અને રશિયા વચ્ચે મૈત્રી તથા રશિયા અને બાલકન રાષ્ટ્રો વચ્ચે મૈત્રી થઈ. વિવિધ દેશોમાં રાજપક્ષો અને મુત્સદીઓ વચ્ચે ગુપ્ત મુલાકાતો, ગુપ્ત વાટાઘાટો અને ગુપ્ત પત્રવ્યવહાર થયો. તેમનો હેતુ આક્રમણ કે સામાજૂથને નુકશાન પહોચાડવાનો નહિ હોય. પરંતુ તેનાથી શંકા અને ભયનું વાતાવરણ સર્જાયું.

  (6) વર્તમાનપત્રોની વિઘાતક અસરઃ વર્તમાનપત્રો પોતાની નીતિના કારણે બે રાષ્ટ્ર વચ્ચેના મતભેદો કે ઝઘડાની અતિશયોક્તિની માહિતી માપીને કે તેના પર ટીકા ટિપ્પણી કરીને અથવા તો લેખો દ્વારા લોકોને રાષ્ટ્રીયતાને ઉશકેરી.

  (7) જર્મનીની મહત્વાકાંક્ષા : જમની સામ્રાજ્યવાદી રાષ્ટ્ર બનવાની હરીફાઈમાં પાછળ હતું. તે ઈંગ્લેન્ડ જેવું મહાન સામ્રાજય બનવાની મહેચ્છા ધરાવતું હતું. જર્મનીને અગ્રસ્થાન અપાવવા માટે અત્યંત મહત્ત્વાકાંક્ષી રાજા કૈસર વિલિયમે જર્મનીના કારખાનામોમાં શરતોનું ઉત્પાદન વધાર્યું.

(8) શક્તિશાળી મધ્યસ્થ સંસ્થાનો અભાવ : યુરોપનાં રાષ્ટ્ર પોતાની મહત્વકાંક્ષા પર અંકુશ મૂકે તેવી કોઈ શક્તિશાળી મધ્યસ્થ સંસ્થા ન હતી, માંતરરાષ્ટ્રીય અદાલતની સ્થાપના થઈ હતી. પરંતુ તેના ચુકાદાનો બન્ને પક્ષ સામે અસ્વીકાર કરાવવા જેટલી તેમની પાસે સત્તા કે શક્તિ ન હતાં.

(9) યુદ્ધ અંગેનું તત્ત્વજ્ઞાન : યુદ્ધ એ જ કલ્યાણની નીતિએ યુરોપમાં જોર પકડયું શકિતમાનને જ જીવવાનો હક છે તથા યુદ્ધ એ જ રાષ્ટ્રીય જરૂરીયાત છે, નીન્સ નામના જર્મન લેખ કે પહને ''પવિત્ર કાર્ય'' દશાવીને યુરોપના રાષ્ટ્રોની પાનું માનસ વિશ્વયુદ્ધ તરફ દોરી જવા પ્રેર્યું. પ્રથમ વિશ્વયુધ્ધ નું સર્જન કરવામાં પ્રોત્સાહન રૂપ બન્યું.

(10) પ્રથમ વિશ્વ યુદ્ધ માટેનું તાત્કાલિક કારણ : પ્રથમ વિશ્વયુદ્ધ થવા માટે અનેક કારણો હતા પણ ચિનગારી ચાંપવાનું કામ ''બ્લેન હેઝ" ના ઉગ્રવાદીઓએ ઑસ્ટ્રેલિયાના રાજ કુમાર અને તેમનાં પત્નીનું ખૂન કરતા તેને સર્બિયા સામે યુદ્ધ જાહેર કર્યું અને પ્રથમ વિશ્વયુદ્ધના શરૂઆત થઈ.

## 2. પ્રથમ વિશ્વયુદ્ધની ભારત પર શી અસર થઈ?

- પ્રથમ વિશ્વયુદ્ધમાં ભારત સીધી રીતે સંડોવાયું ન હતું. છતા ભારત પર પણ તેની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વ્યાપક અસર થઈ હતી. બ્રિટિશરોએ મિત્ર રાષ્ટ્રોને મદદ કરવા ભારતના માણસો (સૈનિકો), રોકડ નાણાની મદદ હિન્દ તરફની ભેટ તરીકે આપતા હતાં જેની યુદ્ધની ખુવારીમાં અનેક સેનિકોની આહુતિ અપાઈ હતી.
- યુદ્ધ દરમિયાન ભારતનો વેપાર બિલકુલ ખોરવાઈ ગયો. ભારતમાં સૂતર અને શણ જેવા જૂના ઉદ્યોગો તેમજ યુદ્ધસમયના નવા ઉદ્યોગો ઝડપથી વધ્યા, તાતાનું લોખંડ,પોલાદનું કારખાનું મહત્ત્વનું બન્યું, પરદેશમાંથી સંસ્થાઓ અને યંત્રો ની આયાત વધી. વિદેશી માલની હરીફાઈના અભાવે મૂડીદારો એ નફાનું પ્રમાણ વધાર્યું. મજુરીના દર વધ્યા, જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મોંઘી બની તેથી મજૂરોની આર્થિક સ્થિતિ ઊલટાની બગડી. યુદ્ધમાં ભારતના જમીનદારોને ગણોતિમાંથી સૈનિકો પૂરા પાડવાની ફરજ પાડી.
- ખાસ કરીને પંજાબમાંથી બળજબરીપૂર્વક ભરતી કરવામાં આવી. પરિણામે બ્રિટિશ સરકાર તરફ રોષ ફેલાયો, બુદ્ધિજીવી ખાસ કરીને બુદ્ધિજીવી બેકારોએ ઈંગ્લેન્ડની મુશકેલીને પોતાના દેશ માટેનો સુઅવસર ગણાવ્યો, તેઓએ નિક્રિપત છોડી સ્વરાજ માટેની વિવિધ માંગણીઓ શરૂ કરી. લોકમાન્ય ટિળકે જેલમાંથી બહાર આવી 'હોમરૂલ લિગ'ની સ્થાપના કરી.
- બીજી હોમરૂલ લિગની સ્થાપના એની બેસન્ટ કરી જેણે બ્રિટિશ સત્તાનો વિરોધ કરવા લોકોને જાગૃત કર્યા. ગોપાલ કૃષ્ણ ગોખલે , લોકમાન્ય ટિળક, બિપિનચંદ્ર પાલ,શ્રીમતી એની બેસન્ટ જેવા ક્રાંતિકારીઓની નેતાગીરી નીચે ભારતમાં સ્વરાજ માટેની માંગણી વધી તેથી બ્રિટિશ સરકારે અનેક સુધારા માટેનાં વચનો આપ્યાં. હિંદમાં તપાસ કાર્ય શરૂ કર્યું. વાઇસરોય અને હિંદ વજીરના અહેવાલોમાં કેટલાક સુધારાઓ અને ફેરફારો સૂચવાયાં. વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યારે ભારતમાં સર્વત્ર પરિવર્તનની પ્રબળ અપેક્ષાઓ વધી અને ટૂંક સમયમાં જ પૂર્ણસ્વરાજ માટેની પૂર્વભૂમિકા આ સમયે તૈયાર થઈ.

## 3. ઝાર શાસન સમયની આર્થિક અને સામાજિક સ્થિતિ વર્ણવો.

- આર્થિક સ્થિતિ : રશિયા એક ખેતીપ્રધાન દેશ હતો, છતાં ખેડૂતોની સ્થિતિ સુધારવા માટેના રાજ્ય દ્વારા કોઈ પ્રયત્ન થયા ન હતા. ઓછી ઉપજના કારણે પોતાના કુટુંબનું ભરણપોષણ, ઉપરાંત સરકારને અને પ્રાંતોને પ્રજાજનોએ ભરવાના વિવિધ કરવેરા અને લાગાઓ ઘણા વધારે હતા. ઉપરાંત (1891 થી 101) અનેક દુષ્કાળ પડવા છતા

આ કરવસૂલી માટે અમલદારો, અમીર ઉમરાવો તથા ભૂમિકાનો તેમના પર અનેક જુલમો અને અત્યાચાર કરતા ગામડામાં જ સ્થિતિ ખેડૂતોની હતી તે શહેરમાં કામદારોની સ્થિતિ હતી. ઔદ્યોગિક ક્રાંતિ સાથે ગરીબી, બેકારી, શોષણ વ્યસનો, ગંદા વસવાટ, રોગચાળો અને અનિતિના દૂષણો આવ્યા હતાં. કામદારવર્ગ પોતાની આ કંગાળ પરીસ્થિતિ માટે મૂડીવાદી અર્થવ્યવસ્થાને જવાબદાર સમજતા હતા. અને તેને કારણે જ સોમવાદી ક્રાંતિઓમાં મકરસંગઠનો અને મજૂર આંદોલનોનો ભાગ મહત્ત્વનો પુરવાર થયેલ છે.

- સામાજિક કારણો : રશિયામાં ઝાર શાસનના સમયમાં રશિયામાં શાસક અને શોષિત, અખિકારી અને કામદાર, માલિક અને મંજુર જેવા બે વર્ગોમાં સમાજ વહેચાયેલ હતો. જે સમાજના ઉપલાવર્ગ અને નીચલા વર્ગ તરીકે જાણીતો બનેલ છે. સમાજના ઉપલાવર્ગ પાસે સત્તા, સંપત્તિ અને હોદાનો હતા. જે માં રાજપરિવાર, ધર્મગુરુ ઓ અમીર, ઉમરાવોનો અને અમલદારોનો સમાવેશ થતો હતો. જયારે નીચલા વર્ગમાં વેપારી, શિક્ષકો, ડૉકટર, ઈજનેરો, વકીલોનો સમાવેશ થતો હતો. સમાજના બંને વર્ગ વચ્ચે વર્ગવિગ્રહની પરિસ્થિતિનું નિર્માણ થયું. જેનું પરિણામ લેનિનના નેતૃત્વ હેઠળ ક્રાંતિ દ્વારા પ્રાપ્ત થયું.

## 4. રશિયન ક્રાંતિમાં વિચારકોએ આપેલ ફાળો જણાવો.

- રશિયામાં જયારે અંધશ્રદ્ધા, વહેમ, અજ્ઞાનતા પ્રવર્તતી હતી. ત્યારે ઝારના દેમ સામે લોકોના માનસ પર, વિચારો પર અને લાગણીઓ પર અલગઅલગ વિચારકોએ ખૂબ જ ઊંડી અસર કરી .રશિયાના મહાન સાહિત્યકાર તોલ્સતોય, દોસ્તોવર્કી, ગોર્કિ તેમજ કાર્લ માર્ક્સના વિચારો મુખ્ય હતા.
- કાર્લ માર્ક્સ લખેલ ''દાસ કેપિટલ'' ગ્રંથના રશિયન ભાષામાં ભાષાંતર થયું, જેનાથી રશિયન પ્રજામાં જનસમુદાયમાં ઉત્સાહનો સંચાર થયો. રશિયન ક્રાંતિમાં લેનિન, ટ્રોટેસકી, મેક્સિન, કરેન્સી વગેરેએ લોકોને નેતૃત્વ પૂરું પાડ્યું.
- આ વિચારકોએ રશિયામાં અનેક જગ્યાએ સંસ્થાઓ સ્થાપીને સામ્યવાદી વિચારધારાના પ્રચારપ્રસાર માટે પ્રયત્નો કર્યા. નવી સમાજ રચના અને રાજયવ્યવસ્થા તૈયાર કરવા જનમાનસ તૈયાર કરી રશિયન ક્રાંતિની પૂર્વભૂમિકા તૈયાર કરી.આમ, રશિયન ક્રાંતિની ઘટનામાં વિચારકો (ચિંતકો)નું યોગદાન અમૂલ્ય રહ્યું છે .

## 5. રશિયન ક્રાંતિથી રશિયામાં આવેલાં પરિવર્તન જણાવો.

- રશિયન ક્રાંતિને પરિણામે રશિયામાં નીચે મુજબના પરિવર્તનો આવ્યા.

  (1) રાજાશાહીનો અંત : રશિયાની રૂઢિગત ઝાર રાજાશાહીને બદલે સામ્યવાદી વિચારસરણીવાળી સરકાર અસ્તિત્વમાં આવી.

  (2) વર્ગવિહિન સમાજ રચના : રશિયામાં લેનિનના નેતૃત્વવાળી સરકારે વિશેષ અધિકારીઓ નાબૂદ કરી વર્ગવિહિન સમાજની રચના કરી. સમાજમાં ઉચ્ચ હોદાઓ, સામાજીક વર્ગો તથા વિશેષ અધિકારો દૂર કરવામાં આવ્યા.

  (3) શિક્ષણને પ્રાધાન્ય : સરકારે કેળવવણી અને પુસ્તકાલયને વિકસાવીને દેશમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે શક્ય તમામ પ્રયત્નો કર્યા.

  (4) ધર્મની દખલગીરી દૂર કરી : રાજકીય શાસનમાં દેવળો , ધર્મગુરુઓની બિનજરૂરી હસ્તક્ષેપ દૂર કરવામાં આવ્યો. ખ્રિસ્તી દેવળોને આપવામાં આવતા વિશેષ અધિકારો નાબૂદ ક્યાં.

(5) જાહેર સેવાઓનું રાષ્ટ્રીયકરણ : દેશના અગત્યના ઉધોગો, રેલ્વે, બેંકનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

(6) જમીનની યોગ્ય વહેંચણી : "કામ કરે તે ખાય અને કામ કરે તેને "મતાધિકાર" દ્વારા ખેડૂતોને જમીનહક પ્રાપ્ત કરાયો.

(7) આયોજન દ્વારા આર્થિક વિકાસ : પંચવર્ષીય યોજના તૈયાર કરીને નવી આર્થિક નીતિ દ્વારા દેશના આર્થિક વિકાસના લક્ષ્યો પ્રાપ્ત કરવાની શરૂઆત થઈ. રશિયન ક્રાંતિ પછી રશિયામાં સાર્વત્રિક અને સર્વોત્રીય સુધારા થયા જેથી ખુબ જ ટૂંકા સમયમાં રશિયા વિશ્વની મહાસત્તા બની શક્યું..